GJSK180002272026

રજુ તારીખ : ૧૯/૦૨/૨૦૨૫
દાખલ તારીખ: ૧૯/૦૨/૨૦૨૫
નિકાલ તારીખ:૧૧/૦૩/૨૦૨૬
સમય :- ૦૦ - ૦૦ - ૧૯
વર્ષ- માસ - દિવસ

**ઇડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રી ની કોર્ટમા, મુકામ–ઇડર**
**ફોજદારી પરચુરણ અરજ નં.૧૦૨/૨૦૨૬**

**આંક : ૮**

**અરજદાર :** **ગોપાલસિંહ સંગ્રામસિંહ રાઠોડ,**
ઉ.આ.વ.૩૨, ધંધો–મજુરી
રહે.સીનેમા રોડ, પ્રાંતિજ, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટે.

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : એમ.ડી.ઝાલા,એમ.જી.મકવાણા**
**સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી :પી.જે.સોની**

**// ચુકાદો //**

(૧) આ કામના અરજદાર/ આરોપીએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ ઇડર પોલીસ સ્ટેશન પાર્ટ સી ૧૧૨૦૯૦૨૦૨૬૦૦૩૯/૨૦૨૬, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ, ૧૧૬બી, ૯૮(૨),૮૧, ૮૩ મુજબના ગુનાના કામે આગોતરા જામીન મેળવવા અરજી કરેલ છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર.ની ખરી નકલ, આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી પી.જે.સોની આંક–૬ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૭ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી એ તેઓના અરજીના સમર્થનમા દલીલ કરતા જણાવેલ છે કે, સદરહુ ગુન્હામાં ઇડર પોલીસે ધ્વારા અરજદાર/આરોપીને અટક કરે તેમ હોઇ અને જો અરજદાર/આરોપી ને પોલીસ ધ્વારા અટક કરવામાં આવે તો સમાજમાં રહેલ અરજદાર/આરોપીની માન મર્યાદા પ્રતિષ્ઠાને અને આબરૂને નુકશાન પહોચે તેમ છે ઇડર પોલીસ ધ્વારા અરજદાર/ આરોપીને ખોટી રીતે કસ્ટડીમા હેરાન પરેશાન કરવામા આવે તેમ છે. વધુમાં ફરીયાદ જોવામા આવે તો અરજદાર/આરોપીનું ફરીયાદમા નામ ઠામ જણાવેલ નથી અને ફરીયાદમા કોઇ પણ પ્રકારે અરજદાર/આરોપીની ભુમિકા (રોલ) જણાવેલ નથી અને સદર ગુન્હામાં ખોટી રીતે સંડોવણી કરેલ છે. સદર ગુન્હામાં અરજદાર/આરોપી કોઇ પણ પ્રકારનુ ગુન્હો કરેલ નથી અને સદરહુ ફરીયાદમાં કહેવાતો મુદામાલ કયાંથી લાવેલા અને કયાં આપવાનો હતો જેવી તમામ હકીકત જણાવેલ છે અને સદર કામના અગાઉ અરજદાર/આરોપીઓ પકડાયેલાને અરજદાર/આરોપીએ કેવી રીતે મદદગારી કરેલ તેવી કોઈ હકીકત ફરીયાદમા જણાવેલ નથી અને અગાઉ પકડાયેલા

આરોપીનાઓ અરજદાર/આરોપીના સસરા અને સાળા થતા હોઇ જેની સામાજીક કારણસર મન દુ:ખના કારણે સદરહુ કામમાં આરોપીઓના નિવેદન માં અરજદાર/આરોપીનું નામ ખોટી રીતે ખોલવામા આવેલ છે. અરજદાર/આરોપીનાઓ પાસે થી કહેવાતો મુદામાલ કબજે કરવામા આવેલ નથી તે મુદામાલ રીકવર તેમજ ડીશ્કવર કરવાનો બાકી રહેતો નથી અને અરજદાર/આરોપીની સદરહુ આગોતરા જામીન અરજી પ્રથમ વખત દાખલ કરેલ છે. અરજદાર/આરોપી કુંટુબ કબીલા સાથે રહે છે અને કહી નાસી ભાગી જઈએ તેવા ઈસમ નથી અને સ્થાવર તેમજ જંગ્મ મિલક્ત ધરાવે છે. અરજદાર/આરોપીનાઓ ગામ – પ્રાંતિજ તા–પ્રાંતિજ જિ–સાબરકાંઠા મુકામે રહે છે અને અરજદાર/આરોપી ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઇ પણ પ્રકાર નુ કુત્ય કરીશુ નહી અને તપાસના કામે પોલીસ ને સાથ–સહકાર આપીશુ અને ફરીયાદપક્ષ ના સાહેદો ને કોઇ પણ પ્રકાર ની ધાક ધમકી કે પ્રલોભનો કરીશુ નહી. અરજદાર/આરોપીના પરીવારની ભરણપોષણની તમામ જવાબદારી અરજદાર/આરોપીના શીરે છે અને જો વધુ સમય જેલમા રહેવુ પડેતો તેમના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવી પરિસ્થીત ઉપસ્થીત થાય તેમ છે અને નિયમિત પણ દરમુદતે ના.કોર્ટમાં ટ્રાયલ દરમ્યાન હાજર રહીશું અને ના.કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી ન્યાયના હિતમાં આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓની દલીલમાં જણાવેલ છે કે, આ કામે અન્ય આરોપી વગર પાસ પરમીટે પોતાના કબજાની

મારુત્તિ સુઝુકી કંપનીની સફેદ કલરની સ્વીફ્ટ ગાડી નંબર.જી.જે.૧૮.બી.ડી.૫૪૩૯ ની અંદર ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની વિદેશી (ઈગ્લીંશ) દારૂની કાચની નાની મોટી તથા પ્લાસ્ટીકની બોટલો નંગ-૮૩૮ તથા બીયરના ટીન નંગ-૧૯૯ જે કુલ-૧૦૩૭ બોટલોની કુલ કિ.રૂા.૩,૭૨,૯૨૪/- તથા મારૂત્તિ સુઝુકી કંપની સફેદ કલરની સ્વીફ્ટ નંબર.જી.જે.૧૮.બી.ડી.૫૪૩૯ કિ.રૂા.૩,૦૦,૦૦૦/- જે મળી કુલ કિ.રૂા.૬,૭૨,૯૨૪/- નો મુદ્દામાલ રાખી પોતાના કબજાની ગાડી રોડ સાઈડમાં ઉતારી દઈ પલટી ખવડાવી આરોપી નં.૧ મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૨,૩ હાજર નહી મળી આવી એકબીજાની મદદગારી કરી ગુન્હાહીત કાવતરૂ રચી ગુન્હો કરેલ છે. વધુમાં આ કામે અરજદાર/આરોપીએ આ ગુન્હાના કામે પકડાયેલ આરોપીઓ નં.૧ અને ૨ પાસે ઈગ્લીંશ દારૂનો જથ્થો મંગાવેલ હોય અને આ કામે આરોપી/અરજદારની સદર ગુન્હાના કામે પુછપરછ કરી અટક કરવાનો બાકી હોય. જેથી આ કામે અરજદાર/આરોપી પ્રોહી મુદામાલની રાજસ્થાન રાજ્યમાંથી મંગાવી ગુજરાત રાજ્યમાં તેનુ વેચાણ કરાવે છે. જેથી આ કામે અરજદાર/આરોપી પોતે જણાતો હોય કે ગુજરાત રાજ્ય પ્રોહિ પ્રતિબંધીત રાજ્ય હોય તેમ છતા ગુજરાત રાજ્યના યુવાનો તથા બાળકો ઉપર ખોટી અસર પડાવે તેવી શક્યતા હોય તેમજ આ અગાઉ આ કામના અરજદાર/આરોપીના આગોતરા જામીન મંજુર કરવામાં આવે તો ફરીથી આવી ગેર કાયદેસરની પ્રવુતી કરે કરાવે તેવી પુરેપુરી શક્યતા રહેલી છે તેમજ હાલમાં ગુનાની તપાસ ચાલુ છે. જેથી

અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રી મકવાણાને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટની નકલ, એફ.આઇ.આર. તેમજ તપાસના કાગળો ધ્યાને લીધા. આ કામે પોલીસ તપાસ દરમ્યાન હાલના આરોપીને આ કામે પકડાયેલ મુદ્દામાલ આપવાનો હતો અને અગાઉ પણ તેમને દારૂનો જથ્થો આપેલ હોવાનું ખુલેલ છે અને તપાસના કાગળો ધ્યાને લેતાં બાદરજી કોદરજી અને આનંદજી બાદરજીનું પણ નામ ખુલેલ છે અને તપાસના કાગળો જોતાં બાદરજી અને આનંદજી ઉપર અન્ય ગુનાઓ નોંધાયેલ હોવાનું જણાઈ આવે છે અને હાલના અરજદાર/આરોપી બાદરજી કોદરજીના જમાઈ થાય છે. આ સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને સાથે રાખી પોલીસ તપાસ થવી જરૂરી છે અને અન્ય મુદ્દામાલ દારૂ મળી આવવાની શકયતા રહેલી છે. આ પ્રકારના ગુનાઓમાં સહેલાઈથી જામીન મુકત કરવામાં આવે તો ગુનો કરવામાં ઉત્તેજન મળે અને સમાજમાં કાયદો અને વ્યવસ્થા જળવાય નહીં. તેમજ સમાજમાં દારૂની બદી ફેલાય તેમજ  ગુનાની તપાસ ચાલુ છે. જેથી આ તબકકે અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવામા આવશે તો ફરીથી આવા પ્રકારના ગુના આચરતા અચકાશે નહી તેમજ તપાસ ઉપર અસર થાય તેમ જણાઈ આવે છે. જેથી મુદામાલનો પ્રકાર, જથ્થો અને આરોપીનો ગુના કામે રોલ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેતાં, આ અદાલતની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને

આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**/// હુ ક મ ///**

આ કામના અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **:૧૧** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ઈડર **(કે.એસ.હિરપરા)**
તારીખ : ૧૧/૦૩/૨૦૨૬ ઈ/ચા. ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા–ઈડર
જજ કોડ જીજે૦૦૫૦૪

*NVP*